અપીલ અરજી નં.૨૩૧ તા.૨૭–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રાજેશ એ. ગિરિ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ એ. ગિરિની તા.૨૪–૯–૦૯ નીઅરજીથી (૧) શા.ક્ર.૨૩૦ નો વર્ષ ૨૦૦૭–૦૮ ની શિષ્યવૃતિ રકમ પરિપત્ર મુજબ હાલ અભ્યાસ કરતા બાળકોને કેટલી રકમો મળી તેની વર્ગવાઈઝ યાદી અને આચાર્ય, નિરીક્ષક ઉપશાસનાધિકારી ધ્વારા ચકાસણી કર્યાના પ્રમાણપત્રોની માહિતી તથા પરિપત્રો મુજબ કેટલી કુલ રકમ મળેલ તેની વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૨૭–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૧/૨૦૦૯–૧૦

શ્રી રાજેશ એ. ગિરિની તા.૨૪–૯–૦૯ નીઅરજીથી (૧) શા.ક્ર.૨૩૦ નો વર્ષ ૨૦૦૭–૦૮ ની શિષ્યવૃતિ રકમ પરિપત્ર મુજબ હાલ અભ્યાસ કરતા બાળકોને કેટલી રકમો મળી તેની વર્ગવાઈઝ યાદી અને આચાર્ય, નિરીક્ષક ,ઉપશાસનાધિકારી ધ્વારા ચકાસણી કર્યાના પ્રમાણપત્રોની માહિતી તથા પરિપત્રો મુજબ કેટલી કુલ રકમ મળેલ તેની વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૪ તા.૪–૧૧–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ શા.ક્ર. ૨૩૦ ની વર્ષ ૨૦૦૭–૦૮ ની શિષ્યવૃતિની રકમ પરિપત્ર મુજબ હાલ અભ્યાસ કરતા બાળકોને કેટલી રકમો મળી તેની યાદી અને આચાર્ય, નિરીક્ષક ,ઉપશાસનાધિકારી ધ્વારા ચકાસણી વર્ગવાઈઝ કર્યાના પ્રમાણપત્રોની માહિતી તથા પરિપત્રો મુજબ કેટલી કુલ રકમ મળેલ તેની માહિતી. મુદ્દા નં.ર. ફરજ મૌકુફ દરમ્યાન આપેલ ચાર્જશીટમાં જણાવેલ છે કે વ્યાપક ફરીયાદના આધારે તો આ સંદર્ભમાં તમામ ફરીયાદની પ્રમાણિત નકલો અથવા ફરીયાદ ન હોય તો ફરીયાદ થઈ નથી સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલની માહિતી. મુદ્દા નં.૩ તપાસ કમીટીમાં નિમાયેલ સભ્યના હોદ્દાની માહિતી. ત્યાર પછી ફરી તપાસ કરેલ સભ્યના નામ, પ્રથમ તપાસમાં જે સભ્ય હોય તેમના હોદ્દાની સમકક્ષ કે ઉપરી અધિકારી ધ્વારા બીજી વાર તપાસ થાય છે કે કેમ? આ અંગેના નિયમોની પ્રમાણિત નકલ તથા નિયમ પ્રમાણે તપાસ કરેલ છે કે કેમ તેની માહિતી. મુદ્દા નં.૪. માહિતી આપવાની તારીખ સુધી જે કોઈ તપાસ થઈ હોય તે તમામ કાગળોના રીપોર્ટ પત્રો, ફાઈલો ના એહવાલની પ્રમાણિત નકલ.મુદ્દા નં.૫ વર્ષ ૨૦૦૮–૦૯ ની શિ.વૃ. ની દરખાસ્ત શાળા નં.૨૩૦ ની કચેરીમાં છે કે કેમ? એના પ્રમાણપત્રની માહિતી. મુદ્દા નં.૬. વર્ષ ૨૦૦૮–૦૯ની શિ.વૃ. ની રકમ શાળાને કયા કારણસર નથી મળી અને આ અંગે શાળા મારફતે શિક્ષકોએ સમયસર દરખાસ્ત કરી તેના બાબતે ફરીયાદ થઈ છે કે કેમ? શાળાના રેકર્ડની નકલબુક પ્ર માણે અને કચેરીમાં આવેલ ફરીયાદના આધારે શું કાર્યવાહી થઈ? કેમ ન થઈ? કયારે કચેરી પરિપત્રોની સૂચના પ્રમાણે દરખાસ્ત મોડી આપવા માટે જવાબદારી શિક્ષકોની રહેશે તે શિક્ષકો વિરુધ્ધ પગલા કયારે ભરાશે? ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. કે નહીં પૂરી પાડવા બાબતે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ અપવાદ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારે તા.૨૭–૧૦–૦૯ ની અપીલ અરજીમાં કોઈ માહિતી મળેલ નથી અને જાણી જોઈને માહિતી અપાતી નથી તેમજ અપીલ કર્યા પછી ગમે ત્યારે માહિતી આપી દેવામાં આવે છે જે અંગેના નાણાકીય દંડ કરવાની રજૂઆત કરેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી નહી પૂરી પડાયેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્ર ા.શિ.સ.ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશ એ. ગિરિ,